# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

## અખબારી યાદી

તા. ૧૮-૦૨-૨૦૨૨

- ધોરણ **10** અને **12**ની પ્રીલિમિનરી પરીક્ષાનું પેપર યુટ્યૂબ પર લીક, સંપૂર્ણ પેપર સોલ્વ કર્યાનો વીડિયો અપલોડ થયો, વધુ એક પેપર ફૂટ્યું, શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર.
- નવનીત પ્રકાશને ઘાટલોડીયા પોલીસમાં લેખીત ફરિયાદ કરી હોય તો ૨૪ કલાક છતાં કેમ પગલા ભરાયા નહિ ? શિક્ષણ મંત્રીશ્રી જવાબ આપે.

રાજ્યમાં ફરીવાર પેપર ફૂટવાની ઘટના બની છે. ધોરણ 10 અને 12ની પ્રીલિમિનરી પરીક્ષાનું પેપર લીક થયું છે, જેમાં યુટ્યૂબ પર પેપર લીક કરાયાં છે. પેપર લેવાયાના બે દિવસ પહેલાં સોશિયલ મીડિયામાં પેપર લીક થયું છે. એમાં યુટ્યૂબ પર સંપૂર્ણ પેપર સોલ્વ કરી વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે. જે માહિતી જાહેર થઈ છે તે મુજબ નવનીત પ્રકાશનમાં આ પ્રીલિમિનરી પરીક્ષાનાં પેપર છપાય છે, ત્યારે પ્રિન્ટીંગ એજન્સીથી શાળા સંકુલ સુધીમાં કોણે કર્યો વેપાર ? તેવો પ્રશ્ન સાથે તટસ્થ તપાસની માંગ અને શિક્ષણ મંત્રીશ્રીનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, શાળા વિકાસ સંકુલ હેઠળ લેવાતી પરીક્ષાનું પેપર લીક થતાં ભારે ચકચાર મચી છે. સ્કૂલ કક્ષાએથી પરીક્ષા લેવાતી હોવાથી ધો. ૧૦ અને ધો.૧૨ ના હજારો બાળકોના ભવિષ્ય પર ગંભીર અસર પડી છે. સાથોસાથ ભ્રષ્ટાચારમાં ગળાડુબ શિક્ષણ વિભાગનો જાગવાનો સમય પાકી ગયો છે. નવનીત પ્રકાશને ઘાટલોડીયા પોલીસમાં લેખીત ફરિયાદ કરી હોય તો ૨૪ કલાક છતાં કેમ પગલા ભરાયા નહિ ? હાલમાં યુટ્યૂબરે ચેનલ ડિલિટ કરીને વીડિયો પણ યુટ્યૂબ પરથી ડિલિટ કરી દીધો છે. હજારો બાળકોના ભવિષ્ય સાથે ચેડા થાય છતાં શિક્ષણ મંત્રીશ્રી કેમ મૌન છે ?

અગાઉ પણ ખાનગી પ્રકાશનના પેપર લીક થયા છે. પેપર લીક થવાના કારણે હોશિયાર વિદ્યાર્થીઓનું મનોબળ તુટી રહ્યું છે. પેપર લીક અને તેના સોલ્યુશનમાં જે વ્યક્તિ સામેલ હોય તેની સામે સરકારે કાર્યવાહી કરવી જોઈએ, જવાબદાર ખાનગી પ્રકાશનની પણ તપાસ કરવી જોઈએ. શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે. રાજ્યમાં સરકારી ભરતીમાં વારંવાર પેપર કુટે છે અને તપાસના નામે નાટક થાય છે ત્યારે શાળાના વિવિધ પરીક્ષાના પેપર કુટવાની ઘટનાથી પરીક્ષાની વિશ્વસનિયતા અને શિક્ષણ વ્યવસ્થા સામે મોટા પ્રશ્નો ઉભા થાય તે સ્વાભાવિક છે.

શાળા વિકાસ સંકુલ હેઠળ લેવાતી પરીક્ષાનું પેપર લીક થતાં વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ સાથે નિરાશા પણ જોવા મળી રહી છે. જેમાં ધો.10 અને 12નાં પ્રીલિમનાં પેપર લીક થતાં વિદ્યાર્થીઓમાં ચર્ચા જાગી છેહવે તો તમામ . પેપર આ રીતે જ લીક થતાં હોય તો પરીક્ષામાં મહેનત કરવાનોકોઇ મતલબ નથીયુટ્યૂબ પર પેપર લીક કરાયાનો . આરોપછે કે બે દિવસ પહેલાં જ સોશિયલ મીડિયામાં પેપર લીક થયા છે, જેમાં સંપૂર્ણ સોલ્વ પેપર વીડિયો સાથે અપલોડ કરવામાં આવ્યો છે. જે ગંભીર અને ચિંતાનો વિષય છે.

(ડૉ.મનીષ એમ.દોશી)
મુખ્ય પ્રવક્તા